ચાંપરાજનાં નાટકનાં ગાયનો.

આર્ય બંધુઓને વાંચવા માટે

રચનાર

પંડયા. ગંગારામ આતમારામ.

પ્રગટકર્તા.

બુકસેલર. માહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

તથા

બુકસેલર. તરભોવન રણછોડ.

ડાકોરવાળા.

અમદાવાદમાં

સલાપોસના દરવાજે "સરસ્વતી પ્રીન્ટીંગ પ્રેસ"માં છાપ્યાં.

સંવત ૧૯૫૩——સન ૧૮૯૬

કીંમત રૂ ૦—૨—૦

૬૭૪૨

ચાંપરાજનાં નાટકનાં ગાયનો.

આર્ય બંધુઓને વાંચવા માટે

રચનાર

પંડ્યા. ગંગારામ આત્મારામ.

પ્રગટકર્તા.

બુકસેલર. માહાદેવ રામચંદ્ર.

તથા

બુકસેલર. તરભોવન રણછોડ.

ઠાકોર.

અમદાવાદમાં

સલાપોસના દરવાજે ''સરસ્વતી પ્રીન્ટીંગ પ્રેસ''માં છાપ્યાં.

સંવત ૧૯૫૩——સન ૧૮૯૬

કીંમત રૂ ૦—૨—૦

૬૪૫૨

ચાંપરાજના નવાં નાટકના ગાયન.

સર્વે પાત્રો— નાન્દી.

તું અંતરજામી પ્રભુ આ, તું અંતરજામી;
જળ નિપાયા સ્થળ નિપાયા; સબ રંગ તુંહી બનાયા;
તુંહી તુંહી શબ્દ રહું મુખ ગાજી, શશિ ઈંદુ શોભાયા. તું અંતર૦
હે દુઃખ ટાળક બાળક પ્રત્યે, (૨) દે અવગુણ વામી. પ્રભુ તું૦
સાંકો કાજે હરી મા'રાજે, ખેલ દિપે આજે;
સાય' આપીને લાં'ય બોલવજે, દુઃખડા તું ભાજે, તું અંતર૦
વિઘ્ન વિનારણ ધારણ આપે, (૨) વિશ્વતણા સ્વામિ. પ્રભુ તું૦

સૂત્રધાર—(સોનરાણીને વૃક્ષલતાઓ તરફ હાથ કરીને)

નવીન રાહ.

ચંબેલી ખીલી આ તેને ઉપમાં શું દઉં,
બટ-મોગરાની બલીહારિથી હારી હારી જાઉં;
ગુલાબી ગુલાબ ગાર ગૂઢ પૂષ્પ આ,

કેતકી કેશ ના કેવીજુઇને બીલાં. ચંબેલી૦

વળી સોનરાણી તરફ વિચાર કરીને કહે છેઃ—

ગજલ.

(ઇંદ્રસભાના રાગની.)

શું સ્વરૂપ! સુંદરીનું, શૌભી શું, હશે?
કાતો રાણી રંભા, રતિ રૂપ થૈ બેસે?
કાંતો રાણી ઇંદ્રકેરી, પ્યારી અપ્સરા?
સોનાનું સ્વરૂપ સોના વર્ણવું કહાં.

ચાંપરાજ—

લાવણી.

(મુજ ઉપર ગુજરી—એ રાહ.)

મુજ પ્રિયા પ્રાણ આધાર, પરમ પ્રિય મારી;
હું ત્રણ દિવસે આંહી, આવીઓ વા'લી. મુજ૦
તેં કીના ત્રણ અપવાસ, પતિવ્રત સાચું;
મને ઘટે બહુ ધિટકાર, મૂર્ખે મેં ખાધું. મુજ૦
શું ગયો ભુલી સૌ ભાન, રહીશ તું ભુખી;
મેં ઇચ્છયું સારી પેઠ, રહી તું દુઃખી. મુજ૦
જોઇ પતિવ્રતા તો મુખ, ધણીનું ખાયે;
જો આવે ધણિને દુઃખ, તરત તે ધાયે. મુજ૦
પણ મારા જેવો, ધણી, હોય બડભાગી;
તો કાંચન રૂપની માંહી, લોહ મેખ વાગી. મુજ૦

લાવણી.

(મુજે છોડ ચલા બનજારા,—એ રાહ.)

હવે આવ્યા છ માસ જવાના, તું મનમાં [illegible]ભી થા માં;
પ્રિયા મનમાં હવે૦ તું૦
અકબર વર્તે ન્યાયની રીતે વર્તે શૂરવીર સાથ સુપ્રિતે;
તેથી જાણી ખચીને વા'લા. તું૦ હવે૦
સુશિક્ષિત નારને શું કે'વું, દૈવી દુઃખ [illegible] મે સે'વું;
પતિવ્રતા ન એકલી સ્યામાં, તું૦ હવે૦
ભડકું છાશ ન ખાતી વા'લી, મુળગી [illegible] છ છેરે શરીરે કાલી;
તજી ગુલ્લાલિ થાય ફિકી ના. તું૦ હવે૦

સોનરાણી— રાગ વેલાવર.

(સહિઅર દુઃખ શું દાખવું [illegible] રાહ.)

પ્રાણપતી પ્યારા માહરા, જાઓ છોડી [illegible]ને;
દર્સન વીના અહીં આપના, નહીં ખા[illegible] ગમે. પ્રાણ૦
દિવસ વરસ સમ લાગતાં, જાણે વસ્ત્ર સાપ;
ફીકું લાગે ગળ્યું આ સમે, જ્યારે દેખું આપ. પ્રાણ૦
જ્ઞાતા આપ બધી રીતે, જેવું લાગે ઠીક;
વર્તો હરિ શાંતિ કરે, આપો સુખડા અધિક. પ્રાણ૦
હરકત ન હોય આપને, તેડી જાવા સાથ;
તેડી જાઓ હું અબળા, વિનવી કહું છું નાથ, પ્રાણ૦
હઠ કરવી જાણી જોઇને, એથી ઉલટું દુઃખ;

પ્યારા તમારા વિના મને, કહો સાથી સુખ. પ્રાણ૦
આવો છ માસ વિતે અહીં, થાય ઉપર દીનઃ
જીવ મા'રો રે'શે નહિ, એટલું કહું દિન. પ્રાણ૦

ચાંપરાજ— જીઓ જુઓ વિપ્રે ભિડ હા ! એ રાહ.

શાંને વદો કઠોર વચન, ક્ષત્રિ બચ્યો તે કેમ શે'શે?

ક્ષત્રિ લેશે કેમ કલંક ક્ષત્રિ૦
એતો હજી વારે આડો અંક; ક્ષત્રિ૦
શું થયું સતિ સત્યાનાશ, ક્ષત્રિ૦
ત્યારે કેમ ન થાય ભૂનાશ. ક્ષત્રિ૦
હજી જીવે પ્રભુને પ્રતાપ, ક્ષત્રિ૦
શું વચન આપો છો આપ; ક્ષત્રિ૦
મારા ગૃહે પતિવૃતા નાર; ક્ષત્રિ૦
જાઓ કરો તપાસ તે ઠાર. ક્ષત્રિ૦

શેરએક— **ગજલ.**

(ઇંદ્રસભાના રાગની.)

બાદશાહ મેં કયા કહું આ બેઅદબ બુરા;
સકળ હમે બેઠ રહ્યાં ઉઠિયા શૂરા. બાદશાહ૦
પતિવ્રતા નારી ઉને ઘેરજો રહી;
રાખો એને હુદર મેં તો જાત હું તહીં. બાદશાહ૦
કીસ્સી જેને ખબર કાઢું હું બુંદીકોટા;

શુળિએ ચઢાના પછી જો પડે ખોટા. બાદશાહ૦
અગર જૂઠા મેં પડુ તો શુળિએ ચડું;
કોણ માઇ પુત એસા ઝડપિયું બીડું. બાદશાહ૦

બીરબલ—

(ગરહમને દીલ સનમકું દીયા, એરાહ)

હઠ કરી તુજ નહીં, એ ક્ષત્રી કેરો તન;
પસ્તાવું પડે પછીથી, દીલ થશે પતન. હઠ૦
ક્ષત્રી કેરી સ્ત્રીઓ ઘણી, હોય શુરવીર;
પતિવ્રતાનો ધર્મ પાળે શુદ્ધ આ વચન. હઠ૦
શાહઅવાર ના કહીને, રોકું છું તને;
સાહસ કર્મ તુ કરેછે, સુખનો વિઘન. હઠ૦
માન હજી મારૂં કંઇ નૃપ કને બચે;
એમ ના કરીશ નો તો તું, થશે પતન. હઠ૦

રાગ આશાગોડી.

સાહસ કીયા અવિચારી, ખુદા મેને સાહસ કીયા અવિચારી
ક્ષત્રિ સાથે બાદ બીડી મેને, જેની પતિવ્રતા નારી. ખુદા૦
માલન સરખી પ્રપંચ કરકે, ચંડ શકત ન અટારી. ખુદા૦
મરણ મેરાહુંકડા આયા, અબી કરના કંઇ ધારી. ખુદા૦
કેશી રીતશે ઓ પકડાયે, અગર હુવે કયું જારી. ખુદા૦

રાગ મિશ્રીત માઢ.

પગ ગયો તૂટી મારો પગ ગયો તૂટી;
કપટ કેરી દોર બાંધી તે ગઇ છૂટી પગ૦

પ્રમથ ચોકીદાર એક સુરદાસજી;
પગ અવાજે ડાંગ મને મારીજો છુટી. પગ૦
બાઇ મને નથી તુજ દામ જોઇતા,
પૈસા લેતા થઇશ હું તો પ્રાણ વિખુટી. પગ૦
કામ તારૂં કરજે ગમે તેમ તું કરી,
પ્રાણ મારો જાય જેમ બાંગા આ છુંટી. પગ૦
જંતુ એક ઝીણું તદા સંચરે નાહીં, પગ૦
તો તું તેની કેવી રીતે લાજ લે લુંટી, પગ૦

શેરએક—(નાથ કેસે ગજકા બંધ છોડાયો—એ રાહ.)

પ્રભુ તોહે કામ કીયા [illegible], અતિશે જોયા દુઃખ ભારા;
બોત બિકટ જો કામ [illegible] સફળ હુઆ જન્મારા પ્રભુ૦
તેરી કૃપાસેં પાર પડાહે નમુ નમુ દિન દયાળા. પ્રભુ૦
સબકાં દેખત લ્યાંસે જાકેં, શૂળીએ ચ[illegible]વુ હાડા. પ્રભુ૦
ડંકા હોયગા રાજસભામેં, ખેલ મચેગા ધાડા. પ્રભુ૦

ગજલ.

એકથી અનેક સુધી હુ જામીનગાર;
ચુક તેમાં જો પડે તો [illegible]ન હું દેનાર. એક૦
રજા દીયો સરકાર આંહા હું રહુ હજુર;
કપટ ઝપટ ભંગ થાય પ્રગટે શર નૂર. એક૦
આપો રજા રાયજી રાખં.ને હું વિશ્વાસ;
જરીક મોડું થાય એને અર્પે જાન દાસ. એક૦

(જમુના તટ બંસી બાજ રહી-એ રાહ.)

શીદ મોકલતા શીદ મોલકતા, ભાઇ પુત્ર તમે શીદ મોકલતાં. ટેક.
રસ્તે મુજને મોડુ થાય, કાંઇ દિલમે ધરો ધિરતા શીદ૦
જાન તમારે ખોવો પડશે, શીદ તમે હઠ ધરતા. શીદ૦

ચાંપરાજ— બેદાદ મુજે યાદ હે વલ્લાહ તુમારી—એ રાહ.

ફીટકાર છે ફીટકાર તને નારીતે ફીટકાર;
ધિઃક તારી જાતને શું કીધો વ્યભિચાર. ફીટ૦
પ્રતિવ્રતાનું ડોળ ઘાલે પતિની સાથ તું;
અંતે તને આવું સુઝ્યું ધીક છે અવતાર. ફીટ૦
કુળ લજાવ્યું મુળ લજાવ્યુ ધણી લજાવિયો;
પ્રાણ જશે માહરો આ તુજ કાજ નાર, ફિટ૦
નષ્ટ જરા નાવી શર્મ કર્મ શું કરયું;
ધર્મ તજી મર્મ તારો ના ગણ્યો તે વાર ફિટ૦
જોગી રાજા ભરથરી તે નારી કાજથી;
મર્ણ રૂપ મારૂં થશે નીચ હાથ નાર. ફિટ૦
ફીટકાર છે ફીટકાર તને ધિઃકારછે; ધિઃકાર તને;
તારી જાતને ધિઃકાર, તારી માતને ધિઃકાર!
અને ધિકાઃર તારી સાથ પરણુનારને, ધિઃકાર ધિઃકાર

સોનરાણી—

(જુઓ જુઓ વિપ્રે ભીડી હામ એ રાહ.)

આહી આવીને પ્રાણનાથ, મને તે ધિટકાર કીધોરે.
મેં શું કર્મ કીધુ દિનાનાથ, મને૦

શું વ્યભિચારની વાત મને૦
આ શું કહી ગયા પ્રાણુનાથ. મને૦
થયું જીવતર મારૂં ધુળ. મને૦
આ હું પતિવ્રતા નાર. મને૦
· શું બોલ્યાં કર્યો વ્યભિચાર. મને૦
ઝટ આવી ગયા ત્યાં કેમ- મને૦
નથી ઉભા રહ્યા પુછી ક્ષેમ મને૦
નથી સાંભળી મારી વાત. મને૦
એકદમ ગયા પ્રાણુનાથ. મને૦

સોનરાણી-- **રાગ આશાગોડી.**

સહાક થજો દીન બંધુ કૃપાળુ સહાય થજો દીનબંધુ.
પતિવ્રતા ધર્મ હું ચુકી નથી જો કેમ કોપ્યો હશે સીંધુ
હું પર વાદળ કહાંથી આવ્યું કલંક આ સંધુ. કૃપાળુ.
મુજપર રે,મ કૃપાનિધિ આપો, કાપજો કષ્ટ હે સંધું કૃપાળુ.
સતિઓ કેરાં સત સચવાવ્યા, તેમજ ઉગારજો વિભુ. કૃપાળુ.
દ્વિપ કરથી હું વંદન કરતી આપ તું નેન હુ અંધું કૃપાળુ.

વિમળમતી-- **વસંતતીલકા વૃત.**

હા પ્રાણુનાથ તમ પ્રાણુ સુમિત્ર કાજે,
એથી ભલુ ન અહિઆ. મુજ અન્ય ભાસે.
હા આજના દિવસને બહુ ધન્યવાદ.
રે! હું મરીશ જુરીને! પણ, ધન્યવાદ,

પહાડશીંહ—છોડો તમે મનથિ શોક હું પ્રાણ પ્રિયા,
એથી વધુ દુ:ખ દિલે મુજ થાય અહિંઆં;
થાયે વિલંબ અહિ તો પછી રાય કોપે,
છેલ્લા પ્રણામ સઉને મુજ હર્ષ વ્યાપે.

ચાંપરાજ— રાગ વેલાવર.

(વનચર વિરા વધામણિ એ રાહ.)

ધન્ય બંધુ મારા સત્ય તું, સત્ય તારી સુટેક;
કાર્ય કીધું ઠેઠજ સુધી, જાણી મિત્રની નેક. ધન્ય.
ધિ:કાર મારી જાતને, થજો બહુ ધીટકાર;
વાર લગાડી આવવા, તુટયો હોત કરાર. ધન્ય.
હત્યા મુજ શીર લાગતે, મરતે મારો સુમિત્ર;
કોણરે વિર્લ એવો આ સમે, હોય શુદ્ધ પવિત્ર. ધન્ય.
તારા સમો નહીં મુજને, મળશે સુમિત્ર;
જય જય સદા તને, જેની પ્રિતિ પવિત્ર. ધન્ય.

પાહાડશીંહ— શિખરિણી વૃત.

પ્રભુ આણ્યો તેં ક્યાં, સજમ મુજ સ્નેહી મરી જવા;
દિધું એતે તેં શું, કયમ ન મુજને દે તું મરવા.
નહીં જોવાવાનું, મરણ મુજ સ્નેહી જનતણું;
મરી જાતા એના, જગત મહિ હું રે'વું ધુળ ગણું.

સોનરાણી— લાવણી.

(રાગ પ્રેમાનંદના વણજારાનો.)

હું લખું પિતાજી વાત, જે દુ:ખ કા'ણીરે;

તે સુણજો મારા તાત, હ્રદે ધીર આણીરે.
હું છું પતિવ્રતા નાર, જે દુઃખ કાં'ણીરે;
તે હાલ ઠરી વ્યભિચાર હ્રદે ધીર આણીરે.
ગઇ રાતે આવ્યા નાથ, જે દુઃખ કાં'ણીરે;
તેણે ધિઃકારી મારી જાત, હ્રદે ધીર આણીરે.
આ સાંભળી મુજને કૃપાળ, જે દુઃખ કાં'ણીરે;
પ્રગટી ચરણથી ઝાળ, હ્રદે ધીર આણીરે.
હું જાઉ દિલ્હી તે કાજ, જે દુઃખ કાં'ણીરે;
ત્યાં કેવી હકિકત આજ, હ્રદે ધીર આણીરે.
આ રૈયત સોંપું હાલ, જે દુઃખ કાં'ણીરે;
કરજો તેની સંભાળ હ્રદે ધીર આણીરે.
રાજ ચલાવજો શુભ ર, જે દુઃખ કાં'ણીરે;
હું દિલ્હી થઇશ જાહેર, હ્રદે ધીર આણીરે.
જો પ્રાણપતિ તજે પ્રાણ, જે દુઃખ કાં'ણીરે;
તો હુંયે મરીશ નિરવાણ, હ્રદે ધીર આણીરે.
આ'વું આવ્યું શિર કલંક, જે દુઃખ કાં'ણીરે;
લાજ મુકી જાઉં નિશંક, હ્રદે ધીર આણીરે.
તમને મળી ન તેની માફ, જે દુઃખ કાં'ણીરે;
માગે વિનતી કરીને સાફ, હ્રદે ધીર આણીરે.

કોટીયાં-- રાગ સુભગા.

ન દો ન દો ન આળ દો ન બિગર બિચારકે;
કીસાકે શીરપે આળ દો, ન બિગર બિચારકે. ટેક.

ફીરતી ફીરતી સબ છાંયરી,
જ્હાંહ દુનિયા મેહ જણાય; ન દો૦ (૨) ફીશી. (૨)
ધુળ હુવે જુદી કાંચનસે,
દુરિજન દુષ્ટ કહાય. ન દો૦ (૨) ફીશી. (૨)
દંપતિ કેરા સુખદ પ્રેમકી,
ખોત અજબ હે બાત. ન દો૦ (૨) ફીશી. (૨)
લંપટ પુસમે મેખ રખેગા,
મરેગા ફીર એકે થાત. ન દો૦ (૨) ફીશી. (૨)

છાટીયાં— **(જનુની જીવોરે ગોપીચંદની—એ રાહ.)**

વિતક વિત્યા મુજને ઘણા, થઇ ગુણકા નારજી;
હવેરે ગુણિકા હું નથી, મારો હાઢો ભરતારજી.
શાહ સુણો દિલ્લીપતી.

બીરબલ—

ધન્ય ખુદાબીંદ ઉસકુ, ધન્ય ક્ષત્રાણી જાતજી;
સંસય મનમેં નહિ કીયા, આઇ કે'ને બાતજી.
સાચી બાત દિલ્લીપતી.

સોનરાણી—

નથીરે મારૂં મો'ડું જોયું, એતો સાચી પિતા વાતજી;
હઠમાં મેં સાર બધો લીધો, જુઠું અનું વૃતાંતજી.
પિતા સુણો દિલ્લીપતી.

(શ્રી જગતપતીની રાહ.)

જ્યારથી મુજ પતી, આવ્યા અધિપતી;
ઉદા-સિની હું તહીંઆ ત્યારથી સતિ. ટેક.
ખાન પાન કરવું હરવું ગમતું મુજને નહીં;
ધ્યાન ધરી સેવામાં પતિનું રે'તી સતિ હું તહીં. જ્યાર૦
આવી હાડા ઝાઝી કીધી બોલ થકી ધીટકાર;
વાત ન સુણી મારી કશીએ બહુ કીધો ધિકાર. જ્યાર૦
વીજળી ચમકી ઝબકી આવ્યા જયમ આકાશે થાય.
"તારે કાજે શિર જવાનું" ધિકરે સતિ વથાય. જ્યાર૦
મેં પુછ્યુંરે શાને માટે પ્રત્યુત્તર ત્યાં નહીં.
આવ્યા આવ્યા ચાલ્યા ચાલ્યા આવી વાતો થઇ. જ્યાર૦

સોનરાણી— **માલિની વૃત.**

નહિ નહિ નહિ મારૂં, મુખ શા'ને બતાવું;
રિતિ રિતિ રિતિ આ છે, ક્ષત્રિની તે જણાવું.
નથિ નથિજ હવે ક્યાં, જાણજો હું ગુણિકા;
વધુ વધુ વદુ હું શું, આપની પાસ પીતા,

ચાંપરાજ—

જનક જનક એ છે, આપણો જાણજે તું;
નથિ નથિ નથિ કાંઇ, મુખ દેખાડરે તું.
નિજ જનક કને તો, છોકરાઓ રમે છે;
મુખ સુખ બતલાવે, એ પિતા આ સમે છે.

બુરા કામ હુયાં તેને કિયા, હૈ
મગર દયા દિલમેં લાવું. શેરએક શુણીએ૦

શૂળી તુજકું અબી મિલેંગી,
મસુર એ હાથ ઉઠાવું. •શેરએક શુણીએ૦

તેને ખોટા જાન ગુમાવા,
કપટ કીયા દુઃખકારી. શેરએક શુણીએ૦

સત્સકા સરવે જય હોતા,
પરતાના હૈ દુરાચારી. શેરએક શુણીએ૦

તેરી શૂળી મેં માફજ કરતા;
તુંજ જેશા નહીં થાતા. શેરએક શુણીએ•

માલન પુછ જો ભઇ મેરી,
ઉસકુ હો સુખ શાતા. શેરએક શુણીએ૦

પ્રિયા તારા ઉપર જુલમ ગુજાર્યા ભારી;
કામ કરી અવિચારી. પ્રિયા૦

મને લોકો દેશે ફીટકારો, મારો અફળ ગયો જન્મારો;
હવે તે શુંરે કરૂં કિરતારીરે. પ્રિયા•

મને લોકો દેશે ફીટકારો, મારો અફળ ગયો જન્મારો
હવે તે શુંરે કરૂં કિરતારીરે. પ્રિયા૦

માફ તું મુંજને કરજે, કાંઇ રે'મ મારાપર ધરજે;
હવે પસ્તાવો હું અવિચારીરે. પ્રિયા૦

સમાપ્ત વચન.

ખેલ થયો આ પુરો સજ્જન સૌ ખેલ થયો આ પુરો;
સત્ય સતીનું કયમ સચવાયું, કયમરે બચ્યા તે દુઃખથી;
કપટાને પસ્તાવો કેવો, ભજવીને કહ્યું મુખથી, ખેલ૦
વ્યાપરાજનો શુરો. સજ્જન૦ (૨)
દંપતિ સર્વે સ્નેહી થાજો; બનજો સદા એકદિલ;
નિત્રની સતી વર્ણી બતાવી, એવા થજો એક લીન. ખેલ૦
ફરી ફરી આપ પધારો. સજ્જન૦ (૨)

સમાપ્ત.

नवां पुस्तकोनी जाहेर खबर.

भर्तृहरिकृत सतक त्रयं.

આ પુસ્તકમાં માહારાજા ભર્તૃહરિએ કરેલા **नीती, शृंगार, वै-राग्य**, આ ત્રણે વિષય સર્ખા હોવાથી પ્રત્યેક માણસે સંગ્રહ રાખવા યોગ્ય છે. આ મુળ સંસ્કૃત ઉપરથી સંસ્કૃત ટીકા ને એના નીચે શુદ્ધ ગુજરાતી ટીકા છે. એની કિંમત આગળ વધારે હોવાથી હાલ ઘટાડી મુજબ રાખી છે. કિંમત ૦–૧૪–૦ પોષ્ટેજ ૦–૨–૦

जैमिनिकृत पांडवाआश्वमेघ.

આ પુસ્તકની મુળસહિત શુદ્ધ બાલબોધ અક્ષરમાં ગુજરાતી ટીકા કરી અમારૂ લોકપ્રીય થએલુ શિવમાહાપુરાણ માંહેલી (જ્ઞાન-સંહીતા) જેવા અક્ષરે કાગળ સારા ને છુટા પાનામાં છપાએ છે. તેની કંમત બાહાર પડ્યાથી નક્કી થશે.

सुचना ઉપર લખેલા પુસ્તકો છપાએ છે તેને હવે બહુ અં-વધી છે. એમ સમજવુ નહિ જેને જોઇએ તે સાહેબે અમને રીપલાએ કાર્ડ લખી ખુલાસો કરવો ને જે પુસ્તકો તૈયાર છે તે વેલ્યુપેબલ મંગાવાથી મોકલવામાં આવશે. આ પુસ્તકો શીવાએ સં-સ્કૃત હીંદુસ્તાની ગુજરાતી વિગેરે ઘણી જાતના પુસ્તકો અમારા પુસ્તકાલયમાં મળશે તેનો પ્રાઇસલીસ્ટ (સુચીપત્ર) આધા આનાની ટીકીટ મોકલવાથી મોકલવામાં આવશે સરનામુ નિચે મુજબ.

બુકસેલર–માહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

ઠે. ત્રણદરવાજે પુસ્તકાલય

મુ. અમદાવાદ.